બોલિવૂડ-હોલિવૂડ

સેકસી ડાયના પેન્ટી લખનૌ સેન્ટ્રલને લઈને ખુબ વ્યસ્ત

મુંબઇ, ખુબસુરત ડાયના પેન્ટી હાલમાં નિખિલ અડવાણીની લખનૌ સેન્ટ્રલ ફિલ્મને લઇને ખુબ વ્યસ્ત થઇ ગઇ છે. આ વખતે તે ગંભીરતા સાથે આ લાઇનમાં આગળ વધી રહી છે. પ્રથમ ફિલ્મ બાદ લાંબા સમય પછી તે બીજી ફિલ્મમાં નજરે પડી હતી. ડાયના અન્ય કેટલાક કામ હાથમાં ધરાવે છે. તે ફેશન સાથે સતત જોડાયેલી રહી છે. તે નોકિયા, માઇક્રોમેક્સ મોબાઇલ સહિતની કંપનીના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે રહી છે. તેનુ કહેવુ છે કે તે બોલિવુડમાં ફિલ્મોમા પણ કામ જારી રાખનાર છે. જો કે તેને છેલ્લા કેટલાક સમયથી સારી ફિલ્મો હાથ લાગી રહી નથી. મોડલિંગમાં નોંધપાત્ર સફળતા મેળવી લીધા બાદ તે વર્ષ ૨૦૧૨માં બોલિવુડમાં પ્રવેશી ગઇ હતી. આ ફિલ્મમાં તેની સાથે સેફઅલી ખાન અને દિપિકાની પણ ભૂમિકા હતી. આ ફિલ્મ કોકટેલ હતી. તેની પાસે હાલમાં જે ફિલ્મ છે તેમાં લખનૌ સેન્ટ્રલનો સમાવેશ થાય છે. નિખિલ અડવાની આ ફિલ્મ બનાવી રહ્યા છે. તે નિર્દેશક તરીકે પણ કામ કરવાની યોજના ધરાવે છે કે કેમ તે અંગે પુછવામાં આવતા ડાયનાએ કહ્યુ હતુ કે તે હાલમાં આવી કોઇ યોજના ધરાવતી નથી. નિર્દેશન અંગે તો તે ક્યારેય વિચારતી પણ નથી હાલમાં તો તે માત્ર એક્ટિંગ કેરિયરની શરૂઆત કરી રહી છે. તેની પાસે સારી ફિલ્મો નથી પરંતુ તે બોલિવુડમાં ટકી રહેવા માટે તૈયાર છ.

પોતાના ફેશન લેબલ અંગે હાલમાં ડાયનાએ વાત કરી છે પરંતુ તે ક્યારે લોંચ કરવામાં આવશે તે અંગે કોઇ વાત કરી નથી. નિખિલ અડવાણી રોમેન્ટિક અને કોમેડી ફિલ્મો બનાવવા માટે જાણીતા રહ્યા છે. આવી સ્થિતીમાં ડાયના માટે લખનૌ સેન્ટ્રલ એક પડકારરૂપ ફિલ્મ સાબિત થઇ શકે છે. જો કે તે પડકાર ઝીલી લેવા માટે તૈયાર થઇ ચુકી છે

મહાભારત પર ફિલ્મ કરવા અમિતાભે તૈયારી દર્શાવી છે



મુંબઇ, એમટી વાસુદેવ નાયરની ચર્ચાસ્પદ નવલકથા રંદામુઝમની પટકથા પર આધારિત ફિલ્મ બનાવવા માટેની તૈયારી શરૂ કરવામાં આવી છે. આ ફિલ્મમાં બોલિવુડના સુપરસ્ટાર અમિતાભ બચ્ચન ભીષ્મની ભૂમિકા અદા કરનાર છે. અત્રે નોંધનીય છે કે આ ફિલ્મમાં ભારતીય મહાકાવ્ય મહાભારતની પટકથા રહેશે. જેમાં ભીમના પાત્ર પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવનાર છે. પાંડવમાં ભીમ બીજા નંબર પર રહ્યા હતા. ફિલ્મના નિર્દેશન એનએ શ્રીકુમાર દ્વારા હાલમાં અમિતાભ બચ્ચનની સાથે વાતચીત ચાલી રહી છે. ટુંક સમયમાં જ અંતિમ નિર્ણય કરી લેવામાં આવનાર છે. શ્રીકુમારે કહ્યુ હતુ કે અમિતાભ બચ્ચન સૌથી યોગ્ય પાત્ર ભીષ્મના રોલમાં રહી શકે છે. મલયાલમ સુપરસ્ટાર મોહનલાલ ભીમના પાત્રમાં નજરે પડનાર છે. શ્રીકુમારે કહ્યુ છે કે જુદા જુદા રાજ્યોના કલાકારોને આમાં આવરી લેવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. તમામ સાથે વાતચીત ચાલી રહી છે. એક વખતે તમામ બાબત કલાકારો સાથે નક્કી કરી લેવામાં આવ્યા બાદ ફિલ્મના શુટિંગને આગળ વધારી દેવામાં આવનાર છે. શ્રીકુમારે કહ્યુ છે કે ફિલ્મ બે હિસ્સામાં રહેશે. ફિલ્મને ૭૦૦ અથવા તો ૮૦૦ કરોડના બજેટ સાથે તૈયાર કરવામાં આવનાર છે. ભારતીય ફિલ્મ જગતની આ સૌથી મોંઘી ફિલ્મ બને તેવી શક્યતા છે. આ ફિલ્મ કેટલીક ભાષામાં તૈયાર કરવામાં આવનાર છે. જેમાં હિન્દી, મલયાલમ, તમિળ, તેલુગુ અને ઇંગ્લિશનો સમાવેશ થાય છે. એકેડમી એવોર્ડ જીતી ચુકેલા ટેકનિશિયનોને આ ફિલ્મ માટે આવરી લેવામાં આવનાર છે. ફિલ્મનુ શુટિંગ ૨૦૧૮માં રજૂ કરાશે. ફિલ્મ ૨૦૧૯માં અથવા તો ૨૦૨૦માં રજૂ કરાશે.

હાલ નર્વસ હોવાની સાથે જ જેક્લીન રોમાંચિત : રિપોર્ટ

મુંબઇ, બોલિવુડની ખુબસુરત અભિનેત્રી જેક્લીન હાલમાં ભારે ઉત્સુક બનેલી છે. તે જુડવા-૨ ફિલ્મમાં કામ કરી રહી છે. તે હાલ નર્વસ દેખાઇ રહી છે. કારણ કે ટન ટના ટન ગીતના રિમેક પર તે શુટિંગ કરી રહી છે. જુદા ગીતના જાદુને જાળવી રાખવા માટે ભારે દબાણ તેના પર છે. કોરિયોગ્રાફર ગણેશ આચાર્ય હાલમાં ખુબ મહેનત કરી રહ્યા છે. આવી સ્થિતીમાં જેક્લીન પર દબાણ છે કે પહેલાની જેમ જાદુ રાખવામાં આવે તે જરૂરી છે. જેક્લીનની સાથે વરૂણ ધવન અને તાપ્સી પન્નુ કામ કરી રહ્યા છે. આગામી સપ્તાહમાં ફિલ્મના આ ગીતનુ શુટિંગ કરવામાં આવનાર છે. આના માટ આ ત્રણેય કલાકારો દરરોજ ત્રણ-ચાર કલાક પ્રેકટીસ કરી રહ્યા છે. બીજી વખત ક્રિએટ કરવામાં આવી રહેલા આ ગીતમાં નવા સ્ટેપ રાખવામાં આવ્યા છે. જો કે ઓરિજનલ ગીતના ફ્લેવરને જાળવી રાખવામાં આવનાર છે. પહેલા આ ગીતમાં સલમાનની સાથે કરિશ્મા કપુર અને રંભા હતા. હવે જેક્લીન અને તાપ્સીની સાથે વરૂણ ધવન રહેશે. પ્રેકટીસના સંબંધમાં વાત કરતા જેક્લીને કહ્યુ હતુ કે ટાંગ ઉઠાકે બાદ તે ફરી વાર ગણેશની સાથે કામ કરી રહી છ. થોડીક નર્વસ હોવાની જેક્લીને કબુલાત કરી હતી. વરૂણની સાથે તેની ટ્રેનિંગ ચાલી રહી છે. વરૂણ શાનદાર ડાન્સર છે. તેમાં ખુબ એનર્જી છે. જેથી તેની સાથે ડાન્સ સ્ટેપ મેચ કરવાની બાબત સરળ નથી.

ગોંડલ તાલુકાનો જુન-૧૭ માસનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ

રાજકોટ, રાજયના નાગરીકોના ગ્રામ્ય કે તાલુકા કક્ષાના પ્રશ્નો અસરકારક અને ન્યાયિક રીતે ત્યાં જ હલ થાય, તે માટે મુખ્યમંત્રીશ્રીનો તાલુકા કક્ષાએ યોજાતો ગોંડલ તાલુકાનો સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ આગામી તા.૨૮-૬-૨૦૧૭ ના રોજ ૧૧-૦૦ કલાકે મામલતદાર કચેરી, ગોંડલ ખાતે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, ગોંડલના અધ્યક્ષસ્થાને યોજવામાં આવશે.

જેથી સંબંધકર્તા લોકોએ ગોંડલ તાલુકાના ગ્રામ્ય કે તાલુકા કક્ષાના પ્રશ્નો અગેની અરજી ૨ નકલમાં પુરતા પુરાવા સાથે મામલતદાર કચેરી, ગોંડલ ખાતે તા.૧૫-૬-૨૦૧૫ સુધીમાં રજુ કરવી ત્યાર બાદ રજુ થયેલ પ્રશ્નો ઉકત નિયત તારીખના કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવશે નહી.

આ કાર્યક્રમમાં નીચે દર્શાવેલ પ્રકારની અરજીઓ સ્વીકારવામાં આવશે.

તાલુકા સ્વાગત માં અરજી કરતાં પહેલા કોઇપણ અરજદારે ગ્રામ કક્ષાનો પ્રશ્ન હોય તો ગ્રામ પંચાયત, તલાટી કમ મંત્રી, ગ્રામ સેવકને પ્રથમ અરજી કરેલ હોવી જોઇએ અને અનિર્ણિત હોય.

તાલુકા કક્ષાનો પ્રશ્ન હોય તો તાલુકાના જવાબદાર અધિકારીશ્રીને પ્રથમ લેખીતમાં રજુઆત કરેલી હોવી જોઇએ અને અનિર્ણિત હોય.

આ કાર્યક્રમમાં રજુ થતાં પ્રશ્નો ગ્રામ અને તાલુકા કક્ષાએ જ નિર્ણય લઇ શકાય તેવા પ્રશ્નો હોવા જોઇએ. તે સિવાયના પ્રશ્નો હોય તો જે તે સક્ષમ કચેરીને રજુઆત કરવી.

આ કાર્યક્રમમાં અરજદાર જાતે રૂબરૂ પોતાના પ્રશ્નની જ આધાર પુરાવા સાથે રજુઆત કરી શકશે.

આ કાર્યક્રમમાં અરજદાર એક જ વિષયને લગતી રજુઆત કરી શકશે, સામુહિક રજુઆતો નહિ.

ઉપર મુજબની કેટેગરીમાં આવતી અરજીઓ જ ધ્યારનમાં લેવામાં આવશે, તે સિવાયની અરજીઓ ધ્યામનમાં લેવામાં આવશે નહીં, તેમ મામલતદારશ્રી, ગોંડલની યાદીમાં જણાવાયું છે.

મોરબી જિલ્લામાં હથીયારબંધી

મોરબી, ચાલુ માસમાં મોરબી જિલ્લામાં વિવિધ રાજકીયપક્ષો ધ્વારા આંદોલનાત્મક કાર્યક્રમો આપવામાં આવતા હોય, જેને ધ્યાને લઇ આ સમય દરમ્યાન મોરબી જિલ્લા વિસ્તારમાં કાયદો વ્યવસ્થા, જાહેર સુલેહ શાંતિ અને સલામતી જળવાઇ રહે અને કોઇ અનિચ્છનીય બનાવો બનવા ન પામે તે માટે પી.જી.પટેલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મોરબી જિલ્લા, મોરબી સને ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧) થી મળેલ સત્તાની રુએ મોરબી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ૩૦/૦૬/૨૦૧૭ સુધી નીચે દર્શાવ્યા મુજબના કૃત્યો કરવાની મનાઇ ફરમાવેલ છે.

હથિયાર, તલવાર, ભાલા, બંદુક, છરી, લાકડી કે લાઠી, શસ્ત્રો, સળગતી મશાલ, બીજા હથિયારો કે જેના વડે શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાની કે ધકેલવાની અથવા સાધનો લઇ જવા, એકઠા કરવા અથવા તૈયાર કરવાનું.મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની જેનાથી સુરુચિ અથવા નિતિઓનો ભંગ થાય તેવા ભાષણ કરવાની તથા ભેદભાવ અથવા ચેષ્ટા કરવાનું તથા તેવા ચિત્રો, પ્લેકાર્ડ પત્રિકા અથવા બીજા કોઇ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાનું તથા બતાવવાનું અથવા ફેલાવો કરવા પર પ્રતીબંધ ફરમાવેલ છે. - આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિત કે જેને તેમના ઉચ્ચ અધિકારીએ કોઈપણ હથિયાર લઇ જવાનું ફરમાવ્યું હોય. (૨) વૃધ્ધો તથા અશકતો કે જેઓને લાકડીના ટેકે ચાલવાનું હોય.(૩) સક્ષમ સતાધિકારીશ્રી તરફથી જેને પરવાનગી આપી હોય તેવી વ્યકિતઓ.

આ જાહેરનામાંનો કોઇ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લધન કરનારને સને ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

વેરાવળ ખાતે પરંપરાગત લોકડાયરાના કલાકારોની કાર્યશિબિર યોજાઇ

ગીર-સોમનાથ, જિલ્લા માહિતી કચેરી,વેરાવળ ખાતે પરંપરાગત લોકડાયરાના કલાકારો માટે એક કાર્ય શિબિર યોજવામાં આવી હતી. આ કાર્ય શિબિરમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો.બી.એલ.આચાર્ય, જિલ્લા ક્ષય અધીકારીશ્રી ડો.બામરોટીયા, જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી પરમાર, સહાયક માહિતી નિયામકશ્રી અર્જુન પરમાર તથા કલાકારો ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યશીબિરમાં ડો. આચાર્યએ જણાવ્યું હતું કે, ગ્રામ્ય વિસ્તારમાં પ્રચાર અને પ્રસારનું શ્રેષ્ઠ માધ્યમ લોકડાયરો છે. જેનાં માધ્યમથી ભજનની સાથો સાથ આરોગ્ય પ્રત્યેની જાણકારી, સ્વસ્છતા અભિયાન, બેટી બચાવો, બેટી વધાવો, સ્ત્રીભ્રુણ હત્યા અટકાવવા અને વ્યસન મુકતિનો સંદેશો લોકોને પીરસવા ચોક્કસ પણે આ સંદેશો સફળ થાય છે.

આ પ્રસંગે જિલ્લા ક્ષય અધિકારીશ્રી ડો. બામરોટીયાએ ટી.બી અને રક્તપિત રોગ વિશેની વિસ્તુત માહિતી આપી જણાવ્યું હતું કે, ટી.બી. રોગ મુક્ત માટે સરકારે મોંઘી દવા દર્દીઓને નિઃશૂલ્ક આપવામાં આવે છે. કોઈપણ વ્યક્તિને સતત બે અઠવાડીયા થી ઉધરસ આવતી હોય તો તેઓએ નજીકનાં પ્રા.આરોગ્ય કેન્દ્રમાં ટી.બી.ની તપાસ કરાવી લેવી જોઈએ.

આ પ્રસંગે સહાયક માહિતી નિયામકશ્રી અર્જુન પરમારે જણાવ્યું હતું કે, ગામડામાં જાગૃતિ લાવવા લોકડાયરાના માધ્યમ થી મોટા ભાગના લોકો સુધી સફળ સંદેશો વહેતો કરી શકાય છે.

અમેઝોન ઈન્ડિયાએ એક વર્ષથી પણ ઓછા સમયમાં તેનું વેચાણકાર મૂળ બેગણું વધાર્યુ

બેન્ગલુરુ, લથા એચ એન દ્વારા ૫ જૂન, ૨૦૧૭ના રોજ અમેઝોન.ઈન પર વેચાણકાર તરીકે નોંધણી કરવામાં આવી ત્યારે અમેઝોનના ભારતીય પ્રવાસમાં તે નોંધનીય સીમાચિહન હાંસલ કરશે એવું તેણે સપનામાં પણ જોયું નહોતું. લથા 'BnJ' બ્રાન્ડ હેઠળ વેચાણ કરે છે, જે અમેઝોન.ઈન પર ૨,૦૦,૦૦૦મી વેચાણકાર બની છે, જે સિદ્ધિ કંપનીએ ભારતની કામગીરીમાં ફક્ત ચાર વર્ષમાં હાંસલ કરી છે અને ગયા જુલાઈથી ૧ લાખ વેચાણકારોનો આંકડો એક વર્ષથી પણ ઓછા સમયમાં પાર કર્યો છે. રિટેઈલરો- ઓનલાઈન અને ઓફફલાઈન તેમ જ પ્રથમ પેઢીના ડિજિટલ વેપાર સાહસિકો દ્વારા અમેઝોન ઈન્ડિયા માર્કેટપ્લેસને તેજ ગતિથી અપનાવવાની આ ગતિવિધિ વિવિધ અજોડ, ભારતમાં પ્રથમ નાવીન્યતાના આધાર પર ગતિશીલ બની છે, જેમ કે, ફીટ ઓન સ્ટ્રીટ ટીમ્સ, સેલ્ફ- સર્વિસ રજિસ્ટ્રેશન, ચાય કાર્ટ અને તત્કાળથી આ ડિજિટલ તક ટિયર ૨ અને ટિયર ૩ ભૂગોળોમાં લાખ્ખો એસએમઈ સુધી પહોંચી છે. ઉપરાંત સેંકડો રાષ્ટ્રીય અને રાજ્ય સરકારી સંસ્થાઓ સાથે ભાગીદારીને લીધે દેશમાં હજારો ભારતીય કળાકારીગરો, ગૂંથણકારો અને કારીગરો માટે આ ઓનલાઈન તકો ઉજાગર કરવામાં મદદ મળી છે.

ભારતમાં અમારી કામગીરીનાં ફક્ત ચાર વર્ષમાં અમેઝોન ઈન્ડિયા માર્કેટપ્લેસ પર ૨ લાખ વેચાણકારોની મહત્ત્વપૂર્ણ સિદ્ધિએ પહોંચવા બદલ અમારી ખુશીનો કોઈ પાર રહ્યો નથી. અમે ભારત જે રીતે વેચાણ કરે છે તે પદ્ધતિમાં પરિવર્તન લાવવાના અમારા મહત્ત્વાકાંક્ષી ધ્યેય પર એકદમ કેન્દ્રિત છીએ અને સ્થાનિક, રાષ્ટ્રીય તથા વૈશ્વિક સ્તરે વેચાણ કરવા માટે તે દરેક માટે સુચારુ વાતાવરણમાં ઉત્ક્રાંતિ કરી છે. (૧૯-૮)

રાજય સરકારની યોજનાઓના લાભાર્થીઓની આધાર નંબર, ડેમોગ્રાફિક અને બાયોમેટ્રિક માહિતી ગુપ્ત રાખવા સૂચના

ગીર-સોમનાથ, આધાર એક્ટ-૨૦૧૬ અન્વયે રાજય અને કેન્દ્ર સરકારની લોકકલ્યાણલક્ષી યોજનાઓના લાભાર્થીઓની ઓળખ રજૂ કરતી આધાર નંબર, ડેમોગ્રાફિક અને બાયોમેટ્રિક માહિતી કોઇ પણ સંસ્થા દ્વારા કોઇ પણ માધ્યમથી પ્રસિધ્ધ, પ્રદર્શિત કે જાહેર કરી શકાશે નહીં. આ એક્ટની જોગવાઈઓનો ભંગ કરનારને ત્રણ વર્ષની કેદ અથવા રૂ. ૧૦ હજારના દંડ કરવામાં આવશે.

જે હેતુ માટે આધાર નંબર મેળવેલ હોય તે હેતુ સિવાયના અન્ય હેતુ માટે કે અન્ય કોઇ કચેરી/વિભાગને આધાર નંબર હોલ્ડરની સંમતિ વિના આધાર નંબર આપી શકાશે નહીં. આધાર ડેટાની વિગતો બહારની કોઇ એજન્સી કે અનધિકૃત વ્યક્તિ દ્વારા પ્રસિધ્ધ કે પ્રદર્શિત થાય તે કિસ્સામાં સંબંધિત વિરૂધ્ધ ઝડપી કાર્યવાહી કરવામાં આવશે. આધાર નંબર એકત્રિત કરવાના સમયે આધાર નંબર હોલ્ડરને તેના ઉપયોગ અંગે સંપૂર્ણ માહિતગાર કરવાનો રહેશે. અને આ સંમતિ કાગળ પર કે ઈલેકટ્રોનિકલી લેવાની રહેશે. આધાર નંબરનો ડેટા એક કચેરીએથી બીજી કચેરીએ ઇ-મેઇલથી અકે અન્ય કોઇ પણ જગ્યાએ મોકલવાનો હોય તો તે સંજોગોમાં પબ્લિક ડોમેઇન ઇ-મેઇલ આઇ.ડી. એટલે કે એન.આઇ.સી. અથવા જીસ્વાનના ઇ-મેઇલથી જ મોકલવાનો રહેશે.

રાજયસરકારની જે કચેરીઓ પોતાની યોજનાઓના અમલીકરણમાં આધાર નંબરનો ઉપયોગ કરતા હોય તે દરેક કચેરીઓએ લાભાર્થીઓના ડેટાની સલામતી અને ગોપનીયતા અંગેના આધાર એક્ટ-૨૦૧૬ની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવા ગાંધીનગરના અર્થશાસ્ત્ર અને આંકડા નિયામકશ્રીની યાદીમાં જણાવાયું છે.

પંચમહાલ જિલ્લામાં ટુ વ્હીલર નોન ટ્રાન્સપોર્ટ વાહનોના નંબરોની નવી સીરીઝ શરૂ થશે

ગોધરા, પંચમહાલ જિલ્લામાં ટુ વ્હીલર નોન ટ્રાન્સપોર્ટ વાહનોના નંબરોની નવી સિરિઝ જી.જે.૧૭ બીએફ ૦૦0૧ થી ૯૯૯૯ સુધીના તા.૨૨/૦૬/૨૦૧૭થી શરૂ કરવામાં આવનાર છે. જેમાં પસંદગીના નંબર મેળવવા માંગતા અરજદારોએ અરજી કરવાની રહેશે. વાહન ખરીદ કર્યાની તારીખથી ૩૦ દિવસની અંદર હોય તેવા વાહનના દસ્તાવેજો સાથે ફોર્મ ૨૦માં જરૂરી હુકમો મેળવી પસંદગીના નંબરમાં સુવર્ણ (ગોલ્ડન) નંબર માટે રૂ.૫૦૦૦/- અને રજત (સીલ્વર) નંબર માટે રૂ.૨૦૦૦/- ની ફી અથવા તેથી વધુ રકમની ઓફરના આર.ટી.ઓ ગોધરાના નામનો પે ઓર્ડર અથવા ડીમાન્ડ ડ્રાફટ સાથે સીલબંધ કવરમાં અરજી કરવી જે તા.૧૯/૦૬/૨૦૧૭ અને તા.૨૦/૦૬/૨૦૧૭ના દિવસો દરમિયાન કચેરીના ૧૧.૦૦ થી ૧૬.૦૦ના સમયમાં રૂબરૂ સીલબંધ કવરમાં મોકલી આપવાની રહેશે. સમય બાદ મળેલી અરજીઓ માન્ય રાખવામાં રાખવામાં આવશે નહી. અરજદારે અરજીના કવર ઉપર વાહન નંબર લખવાનો રહેશે નહી. નિયત સમયમાં મળેલી અરજીઓ તા. ૨૨/૦૬/૨૦૧૭ના રોજ બપોરના ૧૨.૦૦ કલાકે ખોલવામાં આવશે. જેમાં સૌથી વધુ ઓફર આપનાર અરજદારને માગેલ નંબરની ફાળવણી કરવામાં આવશે.

ગુજરાત ડ્રાય ફ્રુટ્સ એન્ડ કિરાના એસોસિયેશને ઉંચા જીએસટી દરોના વિરોધમાં બંધ પાળ્યો

અમદાવાદ, ડ્રાય ફ્રુટ્સ ઉપર ૧૨ ટકા જીએસટીનો વિરોધ કરતાં ડ્રાય ફ્રુટ્સ એન્ડ કિરાના એસોસિયેશન ઓફ ગુજરાતે આજે સંપૂર્ણ બંધ પાળ્યો હતો. દેશભરના તમામ મોટા ટ્રેડ એસોસિયેશન્સે બંધને પોતાનું સમર્થન જાહેર કરીને દુકાનો બંધ રાખી હતી. ડ્રાય ફ્રુટ્સ એન્ડ કિરાના એસોસિયેશન ઓફ ગુજરાતની સાથે-સાથે દિલ્હી, મુંબઇ, જયપુર અને અન્ય મહત્વપૂર્ણ માર્કેટ્સના ડ્રાય ફ્રુટ્સ અને કિરાણા મર્ચન્ટ્સે પોતાની ચિંતા વ્યક્ત કરતાં સંપૂર્ણ બંધ પાળ્યો હતો.

ડ્રાય ફ્રુટ્સ એસોસિયેશનના ચેરમેન શ્રી હિતેશભાઇ પરિયાની અને કિરાણા એસોસિયેશન્સના વાઇસ ચેરમેન શ્રી લલિતભાઇ શાહે જણાવ્યું હતું કે, "સરકારના જીએસટી લાગુ કરવાના ક્રાંતિકારી પગલાને અમે આવકારીએ છીએ અને અમે જીએસટીને સમર્થન કરીએ છીએ. જોકે, ડ્રાય ફ્રુટ્સ અને કિરાના ઉપર જીએસટીના ઉંચા દરો વ્યવહારું નથી. સત્તાવાળાઓ સમક્ષ અમારી ચિંતા રજૂ કરવાના વારંવાર પ્રયાસો કરવા છતાં અમે અનુભવ્યું છે કે અમારી રજૂઆતોને ધ્યાનમાં લેવાઇ નથી. આથી આ બંધ દ્વારા અમે સંબંધિત સત્તામંડળનું ધ્યાન આકર્ષિત કરવા માગીએ છીએ કે કેવી રીતે ઉંચા જીએસટી દરોથી અમારી આજીવિકાને અસર થશે. ડ્રાય ફ્રુટ્સ ઉપર હાલના ૫ ટકા વેટની સામે ડ્રાય ફ્રુટ ઉપર ૧૨ ટકા જીએસટી નક્કી કરવામાં આવ્યાં છે. સરકાર પ્રસ્તાવિત જીએસટી દરની સમીક્ષા કરે અને ડ્રાય ફ્રુટ્સ ઉપર શુન્ય અથવા ૫ ટકા જીએસટી રાખે તેવી અમારી માગ છે." (૧)

જિયોની ઈન્ડિયાએ પ્રભાસને બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નિયુક્ત કર્યો

ભારતમાં કસ્ટમર બેઝ મજબૂત બનાવતા જિયોની ઈન્ડિયાએ પ્રભાસને બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નિયુક્ત કરવાની ઘોષણા કરી છે. આ સમાચાર એ સમયે આવ્યા છે જયારે પ્રભાસને તેની બ્લોકબસ્ટર ફિલ્મ 'બાહુબલીઃ ધ કન્કલુઝન' માટે બહોળી પ્રશંસા અને ખ્યાતિ મળી છે.

જિયોની અગ્રણી યુથ માર્કેટર છે જે અગ્રણી સ્ટાર્સ અને આઈકોન્સ સાથે જોડાય છે તેનું આયોજન બાહુબલીના આ શક્તિશાળી સ્ટારને સાઈન અપ કરીને સેલ્ફીઝ સાથે દરેક હિન્દુસ્તાનીને સશક્ત કરવાનું છે.

જિયોનીનું નવું કેમ્પેન સેલ્ફીસ્તાન હિન્દુસ્તાનીઓની નવી પેઢીની દુનિયા રજુ કરે છે જેઓ તેમના જીવનની દરેક અભિવ્યક્તિ અને સંવેદનાને ઝડપી લેવા માગે છે, જેમનું એકદમ અલગ માઈન્ડસેટ છે અને ભારતમાં તે પરંપરાગત ઈમેજિંગના સ્વરૂપને બદલે છે.

જિયોનીના હાલના એસોસીએશન્સમાં ભારતીય ક્રિકેટર વિરાટ કોહલી, હિન્દી ફિલ્મોની અભિનેત્રી આલિયા ભટ્ટ, ડાયનેમિક અને બોલ્ડ એક્ટર સલમાન, ખ્યાતનામ દિલજિત દોસાન્જ તથા લોકપ્રિય એક્ટ્રેસ શ્રુતિ હસન સામેલ છે. આ સ્માર્ટફોન જાયન્ટ છેલ્લા ૩ વર્ષથી ઈન્ડિયન પ્રિમિયર લીગમાં 'કોલકાતા નાઈટ રાઈડર્સ' માટે પ્રિન્સિપાલ સ્પોન્સર છે. સૌથી વિશાળ ક્રિકેટ ઈવેન્ટ સાથેના પોતાના જોડાણને આગળ વધારતા જિયોની ઈન્ડિયાએ આ સેશનમાં રોયલ ચેલેન્જર્સ બેંગલોર માટે જર્સી સ્પોન્સરશીપ લીધી હતી. આમ તે પ્રથમ બ્રાન્ડ છે જેણે બે આઈપીએલ ટીમો માટે એક જ એડીશનમાં જર્સી સ્પોન્સરશી મેળવી હોય. (૧૯-૮)

ઈકો એડવેન્ચર ટ્રેઈલે હિમાલય ટ્રેકીંગ એક્સપેડીશન હેઠળ થીજીને બરફનું ચોસલુ થઈ ગયેલા સૌરતાલનો પ્રવાસ યોજ્યો

વડોદરા, સિધ્ધિ તેને જઇ વરે જે પરસેવે ન્હાય એવી કહેવત છે. પરંતુ સાહસિકતા જેમનો સ્વભાવ છે એવા લોકો હાડગાળી નાંખે અને પાણીને થીજવી દે તેવા બર્ફીલા વાતાવરણને સહન કરીને પણ સિધ્ધિને પામે છે. ૪૨ + ડિગ્રી જેટલા વિષમ તાપમાનમાં વસવાટ કરનારા વડોદરા-મુંબઇના યુવા કિશોરોના જુથે આવુ જ પરાક્રમ બરફાચ્છાદિત હિમાલયના શુન્યથી નીચે ૩ ડિગ્રી જેટલા તાપમાનમાં કર્યુ છે. વડોદરાને નામના અપાવનારા પર્વતારોહક વૈદ્ય પરિવાર દ્વારા પ્રયોજિત સંસ્થા ઇકો એડવેન્ચર ટ્રેઇલના આયોજન હેઠળ ૩૭ યુવા કિશોરોએ તાજેતરમાં જ હિમાલય પ્રદેશના ધોલાધાર રેન્જમાં ૧૪ હજાર ફૂટ જેટલી ઉંચાઇએ સાહસિક પરિભ્રમણ પૂરું કર્યુ છે અને બરફથી થીજીને ચોસલુ થઇ ગયેલા સૌરતાલને રોમાંચભર્યો સ્પર્શ કરી આવ્યા છે. આ પરિભ્રમણ દરમિયાન તેમણે બરફના ભારે તોફાનનો હિંમતપૂર્વક સામનો કર્યો હતો અને બરફમાં પહાડી પર ચઢાણનો કપરો અનુભવ પણ લીધો હતો.

જેનુ બચપણ ખડક ચઢાણ અને પર્વતારોહણની સાહસિક પ્રવૃત્તિઓમાં વીત્યુ એવી પ્રાચી વૈદ્યએ, પર્વતારોહક માતાપિતા સંદીપ અને હેમા વૈદ્યના માર્ગદર્શન હેઠળ આ હાઇ અલ્ટીટ્યુડ હિમાલયન ટ્રેકીંગ એક્સપેડીશનનું સફળ નેતૃત્વ કર્યુ હતું. આ જુથે સુસવાટા મારતા બર્ફીલા પવનોનો મુકાબલો કરીને સૌરતાલ ખાતે રાષ્ટ્રધ્વજ લહેરાવ્યો હતો અને દેશની શાનને સલામી આપી હતી.

આ જુથે થીજેલા બરફની નદી કહેવાય એવા ગ્લેશિયર ઉપર આઇસક્રાફટીંગ, રોક કલાઇમ્બીંગ, રેપલીંગ, મલ્ટીવાઇન રોપ, રીવર ક્રોસીંગ જેવી દિલધડક અને સાહસભરી પ્રવૃત્તિઓની તાલીમ મેળવી હતી. આ જુથની ખાસીયત એ હતી કે તેમાં મુંબઇથી ગુજરાતી અને વડોદરાથી મહારાષ્ટ્રીયન કિશોર-કિશોરીઓ જોડાયા હતા.

આ એક્સ્પેડીશનના માર્ગદર્શક શ્રી સંદીપ વૈદ્યે જણાવ્યુ હતું કે, ઇકો એડવેન્ચર ટ્રેઇલ સંસ્થાનો મુખ્ય આશય પ્રકૃત્તિની વિવિધતાનું અને અમૂલ્યતાનું યુવા કિશોર સમુદાયને પ્રત્યક્ષ જ્ઞાન આપીને, તેમનામાં સાહસિકતાનું સિંચન કરવાનો અને તેમને પ્રકૃતિપ્રેમી બનાવવાનો છે. એટલે દર વર્ષે સંસ્થા હિમાલયના બર્ફાની પ્રદેશમાં આ પ્રકારના સાહસ પ્રવાસનું આયોજન કરે છે.

રેશનકાર્ડ ધારકોએ રાશન તેમજ કેરોસીન મેળવવા આધારકાર્ડ ફરજીયાત રજૂ કરવાનુ રહે છે

આણંદ, જિલ્લાધ પુરવઠા અધિકારીશ્રી આણંદની અખબારી યાદી જણાવે છે કે ૧ લી એપ્રિલ ૨૦૧૭ થી અનાજ/કેરોસીન મેળવવા માટે આધારકાર્ડ ફરજીયાત કરવામાં આવેલ છે. જેથી તમામ લાભ મેળવતાં રેશનકાર્ડધારકોએ તેઓને મળવાપાત્ર રાશન તેમજ કેરોસીનના જથ્થા માટે આધારકાર્ડ ફરજીયાત રજૂ કરવાનુ રહે છે.આ ઉપરાંત ૧ લી જુલાઇ ૨૦૧૭ થી આધારકાર્ડ વેરીફીકેશનનું અમલીકરણ થઈ રહેલ છે. જેથી રેશનકાર્ડધારક દ્વારા તેઓની સબંધિત મામલતદાર કચેરી(પુરવઠા શાખા) ખાતે આધારકાર્ડની નકલ રજૂ કરી, ઓનલાઈન વેરીફીકેશન કરાવવું અત્યીત આવશ્યીક બની રહે છે. તેમજ તા.૦૧/૦૭/૨૦૧૭ ના રોજથી સબંધિત મામલતદાર કચેરીના પુરવઠા વિભાગ દ્વારા ઓનલાઈન વેરીફીકેશન કરવામાં આવેલ હશે તે જ રેશનકાર્ડધારકને અનાજ / કેરોસીનના જથ્થાાનો લાભ મળી શકશે. આ ઉપરાંત જે રેશનકાર્ડધારકના આધારકાર્ડ મામલતદાર કચેરીમાં જમા કરાવેલા / લિક અપ કરાવેલા નહિ હોય તે રેશનકાર્ડધારકને તા.૦૧/૦૭/૨૦૧૭ થી મળવાપાત્ર અનાજ / કેરોસીન વિગેરેનો જથ્થોમિળશે નહિ અને તે માટે જે તે રેશનકાર્ડધારક પોતે જવાબદાર રહેશે જેની જિલ્લા ના તમામ રેશનકાર્ડધારકોએ નોધ લેવા ખાસ વિનંતી છે. ભવિષ્યકમાં જો રેશનકાર્ડધારક દ્વારા આધારકાર્ડ જમા કરાવેલ ન હોવાના કારણોસર અનાજ / કેરોસીનનો જથ્થોં ન મળવા સબંધી કોઈ પણ પ્રશ્નર ઉપસ્થિાત થશે તો તેની સઘળી જવાબદારી સબંધિત રેશનકાર્ડધારકની રહેશે.જેથી તમામ રેશનકાર્ડધારકોને નમ્ર વિનંતી કરવામાં

આરોગ્ય વિભાગ દ્વારા સઘન ઝાડા નિયંત્રણ કામગીરી

તા.૧૨ થી તા.૨૪ જુન દરમિયાન સઘન ઝાડા નિયંત્રણ પખવાડીયું ઉજવવાનું આરોગ્ય વિભાગ દ્વારા નક્કી કરવામાં આવ્યુંઝ છે. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય ૦ થી ૫ વર્ષના બાળકોના થતાં મૃત્યુતના કારણમાં ૧૫ ટકા ઝાડા રોગ ભાગ ભજવે છે. આ દરને શૂન્?ય કરવાનો છે અને બાળકોને ઝાડાની સારવારમાં ઓઆરએસ અને ઝીકનો વપરાશ વધારવો તેમજ ૫ વર્ષથી નાના બાળકોમાં થતા ઝાડાના નિયંત્રણ અને સારવારને લગતી પ્રવૃત્તિઓને પ્રોત્સા?હન આપવા આરોગ્ય વિભાગ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે.

ઝાડાની સારવાર માટે જનજાગૃત્તિ ફેલાવવા સઘન ઝાડા નિયંત્રણ પખવાડીયા દરમિયાન લોકોને કેટલાક સંદેશાઓની અમલવારી કરવા મુખ્ય્ જિલ્લાઆરોગ્ય અધિકારીશ્રીએ અપીલ કરી છે. ઝાડા થાય ત્યાઓરે તાત્કાુલિક ઓઆરએસ અને વધારે પ્રમાણમાં પ્રવાહી આપવાનું ચાલુ કરી દેવું જોઈએ અને ઝાડા મટી જાય ત્યાંત સુધી આપવાનું ચાલુ રાખવું જોઈએ.

NOTICE

NOTICE is hereby given that I, Chandrikaben A. Shah of A - 304, Sugam Residency, Near Vasantkunj Bus stop, PaLdi, Ahmedabad - 380007, was holding 100 equity shares bearing Distinctive Nos. 3638467 to 3638566 covered by certificate No. 1771 held under Folio No. C000074 in erstwhile Indo Flogates Limited, since amalgamated with IFGL Refractories Limited (the Company) having its registered office at Sector B, Kalunga Industrial Estate, P.O. Kalunga 770031, Dist. Sundergarh, odisha and Head and corporate office at 3, Netaji Subhas Road, Kolkata 700001. I have made an application to the company for issuance of certificate relating to 500 Equity shares of Rs. 10 each fully paid up issued and alloted in lieu of said 100 Equity shares of erstwhile Indo Flogates Limited without insisting for submission of certificate, in original, relating thereto as I have lost and/or misplaced the same. Any person having objection of any nature whatsoever to my aforesaid request may notify his/her objection. in writing, within 15 Next days directly to the Company, under an intimation to me.

Gujarat
16th June, 2017
(CHANDRIKABEN A SHAH)

સૂચના

કૃપા કરી આપની જાહેરખબર
તથા સમાચાર અમારા
નિમ્નલિખિત
ઈ-મેલ પર જ મોકલશો :
lokmitra1948@gmail.com